Washington State Department of Social & Health Services
Transforming lives

AGING AND LONG TERM SUPPORT ADMINISTRATION
PO BOX 45600
OLYMPIA WA 98504-5600

# તમારા હકો

**Your Rights**

તમે છોડી દેવાવા, દુર્વ્યવહાર કરાવા, આર્થિક શોષણ અને ઉપેક્ષા કરાવાથી મુક્ત થવાને હકદાર છો. જો એવું માનવાનું કોઈ કારણ હોય કે તમે છોડી દેવાવા, દુર્વ્યવહાર કરાવા, આર્થિક શોષણ અને ઉપેક્ષા કરાવાનો અનુભવ કર્યો છે, તો તમને આમ કરવાનો હક છે:

1. સામાજિક અને આરોગ્ય સેવાઓ વિભાગ (ડિપાર્ટમેન્ટ ઑફ સોશિયલ એન્ડ હેલ્થ સર્વિસિસ - DSHS) ને પોલિસમાં રિપોર્ટ કરવાનો અને તમને લાગે કે તપાસ માટે પ્રાસંગિક હોઈ શકે તેવી કોઈપણ માહિતીને તેમને આપવાનો તેમજ તમને લાગે કે તેઓની પાસે પ્રાસંગિક માહિતી હોઈ શકે, તેવા કોઈપણ વ્યક્તિઓની ઓળખ કરવાનો.
2. છોડી દેવાવા, દુર્વ્યવહાર કરાવા, આર્થિક શોષણ અને ઉપેક્ષા કરાવાનો રિપોર્ટ કરવાથી બદલો લેવાવાથી મુક્ત રહેવાનો.
3. ગરિમાપૂર્ણ વર્તણૂક કરાવાનો અને તમારી સાથે આદરપૂર્ણ ભાષામાં વાતચીત કરાવાનો.
4. રિપોર્ટ કરતી વખતે, તપાસ દરમિયાન તેમજ પ્રશાસનિક પ્રક્રિયાઓ દરમિયાન વાજબી અનુકૂલનો અપાવાનો.
5. એવા હુકમની માંગણી કરવાનો જે તમને છોડી દેનાર, તમારી સાથે દુર્વ્યવહાર કરનાર, તમારું આર્થિક શોષણ કરનાર અથવા તમારી ઉપેક્ષા કરનાર વ્યક્તિને તમારા ઘરમાં રહેવાથી, તમારો સંપર્ક કરવાથી કે તમારાં નાણાં કે તમારી સંપત્તિનો ઉપયોગ કરવાથી પ્રતિબંધિત કરે.
6. DSHS પાસેથી માહિતી તેમજ તમારી વકીલાત કરી શકે, તપાસ કરી શકે અથવા કાર્યવાહી કરી શકે તેવી બીજી એજન્સીઓને રેફરલ મેળવવાનો.
7. તમે જેમાં પીડિત હો તેવા કોઈપણ કેસનો વહીવટ સંભાળતી એજન્સી દ્વારા તપાસ, પ્રક્રિયાઓ, અદાલતી કાર્યવાહીઓ અને પરિણામો વિશે માહિતી અપાવાનો.
8. સુરક્ષા યોજના બનાવવા, તપાસમાં મદદરૂપ થવા અને સુનાવણીઓ દરમિયાન મદદ કરવા માટે વકીલાત અથવા કાયદાકીય મદદ માટે રેફરલની માંગણી કરવાનો.
9. તપાસ અથવા પ્રક્રિયાઓ વિશે DSHSને ઔપચારિક અથવા અનૌપચારિક ફરિયાદ કરવાનો અને તરતજ જવાબ મેળવવાનો.

**છોડી દેવાવા, દુર્વ્યવહાર કરાવા, આર્થિક શોષણ અને ઉપેક્ષા કરાવાનો રિપોર્ટ કરવા, અથવા માહિતી મેળવવા માટે અહીં કૉલ કરો:**

**1-866-EndHarm (1-866-363-4276)**
**વૉઇસ/TTY થી ઉપયોગ કરી શકાશે 1-800-737-7931**

તમને રિપોર્ટ કરવા અથવા માહિતી માંગવા માટે સ્થાનિક APS ઇનટેક ઑફિસને ટ્રાન્સફર કરવામાં આવશે.

સ્થાનિક સંપર્ક માહિતી